સ્મૃત્યાપત્ર-૧

**ખુબ અગત્યનું /તાત્કાલિક**

જા.ન/મા-૫ /કોર્ટ મેટર /૨૦૨૦ / ૪૪૪૫

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
એ/૩,જિલ્લાસેવા સદન-૨,
અઠવાલાઈન્સ,સુરત
તા. ૧૭/૦૯/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી
સુરત જિલ્લાની તમામ ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ

વિષય :- ફરજ મોકૂફી અથવા નિર્દોષ છૂટવાના કેસમાં સમયગાળો વિનિયમિત કરવા અંગેની માહિતી બાબત

સંદર્ભ :- (૧) નાયબ શિક્ષણ નિયામકશ્રી માધ્યમિક કમિશનર શાળાઓની કચેરીના પત્ર ક્રમાંક:ઘ/માધ્ય/ વ-૨ /૧૦૮૭૧-૧૦૯૦૨ તા.૧૯-૦૬-૨૦૨૦
(૨) આ કચેરીના પત્ર ક્રમાંક/માં-૫/કોર્ટ મેટર /૨૦૨૦ /૭૦૧૧ તા.૨૦-૦૮-૨૦૨૦

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓના કર્મચારીઓને ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો ૧૯૭૪ લાગુ પડે છે, આ નિયમોમાં ફરજ મોકુફી અથવા નિર્દોષ છૂટવાના કેસમાં ગેરહાજરીનો સમય ગાળો કયા પ્રકારે વિનીયમિત કરવો તે બાબતે કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી આ વિગતો ધ્યાને લેતા આ સાથે સામેલ સંદર્ભ પત્ર-૨ થી માહિતી મંગાવામાં આવેલ હતી જે કચેરીને મળવામાં નથી, સદર માહિતી દિન-૧ માં અત્રે રજુ કરવા જણાવવામાં આવે છે અન્યથા માહિતી ન મળવાના કારણે જે કાઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની સંપૂર્ણ જવાબદારી શાળાના આચાર્યની રહેશે જેની નોંધ લેશો.

બિડાણ :- સંદર્ભ-નો પત્ર

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લો-સુરત

**ખુબ અગત્યનું /તાત્કાલિક**

જા.ન/મા-૫ /કોર્ટ મેટર /૨૦૨૦ / ૭૦ ।।

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
એ/૩,જિલ્લાસેવા સદન-૨,
અઠવાલાઈન્સ,સુરત
તા. ૨૦/૦૮/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી
સુરત જિલ્લાની તમામ ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ

**વિષય :-** ફરજ મોકૂફી અથવા નિર્દોષ છૂટવાના કેસમાં સમયગાળો વિનિયમિત કરવા બાબત

**સંદર્ભ :-** નાયબ શિક્ષણ નિયામકશ્રી માધ્યમિક કમિશનર શાળાઓની કચેરીના પત્ર ક્રમાંક:ઘ/માધ્ય/ ૫-૨ /૧૦૮૭૧-૧૦૯૦૨ તા.૧૯-૦૬-૨૦૨૦

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓના કર્મચારીઓને ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો ૧૯૭૪ લાગુ પડે છે,આ નિયમોમાં ફરજ મોકુફી અથવા નિર્દોષ છૂટવાના કેસમાં ગેરહાજરીનો સમય ગાળો કયા પ્રકારે વિનીયમિત કરવો તે બાબતે કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી આ વિગતો ધ્યાને લેતા નીચે મુજબની વિગતો મોકલી આપવા જણાવવામાં આવે છે.

(૧) બિન સરકારી માધ્યમિક અને ઉ.માં. શાળાઓના કર્મચારીઓના કિસ્સામાં નામ.કોર્ટના હુકમ અન્વયે નિર્દોષ સાબિત થઈને પુન:સ્થાપિત થયેલ કર્મચારીની ફરજ મોકુફીનાં સમયગાળાને વિનિયમિત કરવા બાબતે પૂર્વ દ્રષ્ટાંત હોય તો તેની વિગત

(૨) ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો ૧૯૭૪ માં જે બાબતો અંગે કોઈ જોગવાઈ થયેલ નથી તેવી બાબતો કે જેવી કે કર્મચારીની લાંબા સમયની અનધિકૃત ગેર હાજરી/રજા, સ્વૈચ્છિક નિવૃત્તિ અંગે ગુજરાત મુલ્કી સેવા નિયમો,૨૦૦૨નો આધાર લઈને નિર્ણય કરવામાં આવેલ છે કે કેમ ? આ બાબતે કોઈ ઠરાવ/પરિપત્ર/જાહેરનામામાં જોગવાઈ કરવામાં આવેલ હોય તો તેની વિગતો

(૩) બિન સરકારી માં.અને ઉ.માં. શાળાઓના કિસ્સામાં ઉપર ઉલ્લેખિત રજા/સ્વૈચ્છિક નિવૃત્તિ જેવા કેસોમાં ગુજરાત મુલ્કી સેવા નિયમો,૨૦૦૨નો આધાર લઈને નિર્ણય કરવામાં આવેલ હોય, તો પૂર્વ દ્રષ્ટાંતની વિગતો

**સદર માહિતી ખુબજ અગત્યની હોય, આ કચેરીને તા.૨૧-૦૮-૨૦૨૦ ને સમય બપોરે ૩-૦૦ કલાક સુધીમાં વોટસેપ નં ૯૯૭૯૧૦૦૦૮૦ ઉપર બિનચૂક મોકલી આપવી. માહિતી શૂન્ય હોય, તેવી શાળાઓએ માહિતી મોકલવાની રહેતી નથી.**

શાળાનું નામ :-

| ક્રમ | કર્મચારીનું નામ અને હોદ્દો | નિમણુક તારીખ | ફરજ મોકૂફ કાર્ય તારીખ | નામ.કોર્ટના SCA No | નામ.કોર્ટના આવેલ ચુકાદાનાં તારીખ,આધાર | પુન; સ્થાપિત કરેલની તારીખ | ફરજમોકૂફી તારીખથી પુન; સ્થાપિત કર્યા સુધીનાં બ્રેકની વિગત |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૫ | ૬ | ૭ |

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત જિલ્લો-સુરત